# ૩૬. દાડમ

દાડમના ઉત્પાદનમાં ભારતમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. મહારાષ્ટ્ર સિવાય ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, રાજસ્થાન, ઉતરપ્રદેશ વગેરે રાજ્યોમાં દાડમનું ઉત્પાદન થાય છે.

દાડમનું વૃક્ષ સૌથી ખરાબ પરીસ્થિતિઓ સામે પણ ટકી રહેવા માટે સક્ષમ છે, તેથી આપને દાડમનું ઉત્પાદન ક્યાય પણ લઈ શકીએ છીએ, ત્યાં સુધી કે નિર્જન ભૂમિકે, દુકાળ માં પણ તેનું ઉત્પાદન લઈ શકાય છે. એમ તો દાડમએ ઉષ્ણકટી બંધીય પાક છે. દાડમ એક શકિતશાળી ફળ છે, તેથી ડોકટરો ખાસ કરીને નબળા દર્દીઓ માટે તેને લેવાની સલાહ આપે છે. તેમાં ૧૨ % થી ૧૬ % ખાંડ હોય છે, જે પાચનક્રિયા માટે સારી શક્તિ પૂરી પાડે છે.

## દાડમની જાતો :-

દાડમમાં કંધારી, ધોળકા, જાલોર, સીડલેસ,મસ્કત, ગણેશ, મૃદુલા, જ્યોતિ વગેરે જેવી જાતો છે. કંધારી હિમાચલ પ્રદેશ, ગુજરાતમાં ધોળકા, રાજસ્થાનમાં જાલોર સીડલેસ, મહારાષ્ટ્રમાં મસ્કત, ગણેશ અને મૃદુલાનું ઉત્પાદન થાય છે. જે ખુબ જ લોકપ્રિય છે.


## અંતર :-

દાડમનાં ઝાડમાં અંતર જમીન મુજબ આપવામાં આવે છે. જો જમીન હલકી હોય તો અંતર ૧૨ x ૧૨ ફુટ રાખવું અને જમીન મધ્યમ હોય તો અંતર ૧૨ x ૧૫ ફુટ રાખવું. ભારે જમીનમાં અંતર ૧૫ x ૧૫ ફુટ રાખવું જોઈએ.

## પ્રસર્જન :-

દાડમની રોપણી બીજથી, કટકા કલમકે હવા દાબ કલમથી કરવામાં આવે છે. ડાળીઓ કાપી કટકા કલમ અથવા ગુટી કલમ કરવી બંને એક સમાન છે.

અંતર : ૧૨ ફુટ x ૧૨ ફુટ (હલ્કી જમીન) ૧૨ ફુટ x ૧૫ ફુટ (મધ્યમ જમીન) ૧૫ ફુટ x ૧૫ ફુટ (ભારે જમીન)




## કટકા કલમથી પ્રસર્જન :-

દાડમના જે બગીચાઓ ની દેખ-રેખ ઉતમ રીતે કરવામાં આવે છે એ બગીચાઓ માંથી રોગમુક્ત, ઉતમ ફળ આપનાર છોડ ને ઓળખવા માટે એના પર જુનું રંગીન કપડું બાંધી દેવું. ઝાડ નાં થડ ની આસ પાસ જે અંકુર નીકળે તે ડાળીઓમાં પરિવર્તિત થાય છે એને કલમ માટે ઉપયોગમાં લો. કટકા કલમની લંબાઈ લગભગ ૨૨ થી ૨૬ સેમી. હોવી જોઈએ અને એના પર ઓછામાં ઓછી ચાર થી છ આંખ હોવી જોઈએ. કટકા કલમ પર જે પાંદડાઓ છે એની કલીકાઓ ને હાની પહોચાડ્યા વિના કાઢી લો. કટકા કલમને બીજામૃતમાં ડુબાડી અને રોપવી. રોપણી સમયે કટકા કલમનો ૩/૪ ભાગ અને બે આંખો જમીનની અંદર હોવી જોઈએ. સુર્યસ્તનાં બે કલાક પહેલા કટકા કલમ રોપવી ખુબ જ ઉતમ ગણાય છે.

## ગુટી કલમથી પ્રસર્જન :-

ગુટી કલમ પદ્ધતિ સૌથી ઉતમ પદ્ધતિ છે. આ પદ્ધતિ માં ઝાડની દરેક

ડાળીઓ કલમ કરવા માટે અનુકુળ હોય છે.પેન્સિલ આકાર ની ડાળી પસંદ કરી તેની આગળ અને પાછળ નાં ભાગ ને છોડી વચ્ચે નાં ભાગ માં ૧૫ થી ૨૦ સે.મી. ની ડાળીના પાંદડા કાઢી ૨ થી ૩ સે.મી. લાંબી ગોળાકાર છાલ કાઢો અને તેના પર શેવાળ ને વીંટાળી દો, અને તેના પર પોલિથીન પેપર ને સુતળી થી બાંધી દો. શેવાળમાં પાણી સંગ્રહ કરવાની ક્ષમતા હોય છે. જેથી પાણી દેવાની જરૂરીયાત નથી રહેતી. ગુટી કલમ વરસાદનાં મોસમમાં બાંધવું ઉતમ ગણાય છે.

## રોપણી :-

ખેતરમાં દાડમની કલમને ૧૨ x ૧૨ ફુટ, ૧૨ x ૧૫ ફુટ અને ૧૫ x ૧૫ ફૂટ ની જગ્યા રાખી રોપણી કરવામાં આવે છે. ખેતરમાં ત્રણ ત્રણ ફૂટે નીક બનાવો. આ રીતે ૧૨ ફૂટે ચાર નીકો નીકળશે.પહેલી નીકમાં ગુટી કલમને ખાડો ખોદીને રોપો અને રોપેલી ગુટી કલમો પાસે કોઈ લાકડી કે ડંડા નો આધાર ખોદી ને ઉભો રાખી એને સુતળી અથવા દોરીથી બાંધી દો. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બાકીના અંતરમાં આ રીતે રોપી દો. રોપતા પહેલા ૧૦૦ કિલો દેશી ગાયના છાણ નું ખાતર ૫૦ કિલો ઘન જીવામૃત અને ૩૦૦ કિલો ત્યાની જ માટીનું મિશ્રણ તૈયાર કરો અને રોપણી સમયે આ ત્રણના મિશ્રણ નો ઉપયોગ દરેક ગુટી કલમ અને આંતર પાક સાથે કરો.

રોપણી બાદ તરત જ જીવામૃત સાથે પાણી આપો. કલમનાં વધવાથી જમીન પર જે કલમનાં અંકુર ઊગી નીકળશે એને કાઢી લો, માત્ર જમીન થી ૧૫ થી ૨૦ સે.મી. ની ઉંચાઈ પર જે ચાર પાંચ સારી ડાળીઓ આવે એને જ વધવા દો, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આંતર પાકો સુધારેલ એરંડા, તુવેર ના બીજ લગાવો અને દરેક બે છોડ વચ્ચે મરચાં તેમજ ડાળીઓ ના બંને ઢાળ પર, ગલગોટા, ગાદલીયા, વેલા વાળા શાકભાજી, ટમેટા, રીંગણ,ગુવાર વગેરે નાં બીજ અથવા છોડ વાવી દો.

## જીવામૃત :-

વરસાદની ઋતુમાં જ્યારે વરસાદ બે-ચાર દિવસ માટે રોકાય જાય ત્યારે થોડું-થોડું જીવામૃત બધી કલમ તથા આંતર પાકોની બાજુ ની જમીન પર નાખી દો. મહિનામાં એક કે બે વાર જીવામૃત નાખવાનું હોય છે. વરસાદની ઋતુ પૂરી થઈ જાય ત્યારબાદ સિંચાઈ નાં પાણી ની સાથે મહિના માં એક કે બે વાર જીવામૃત ૨૦૦ થી

૪૦૦ લીટર પ્રતિ એકર નાં હિસાબથી નાખવું. મહિનામાં એક થી બે વાર બધા પાક પર ૧૦૦ લીટર પાણીમાં ૫ લીટર જીવામૃત ભેળવી તેનો છંટકાવ કરો. ત્યાર બાદ ૧૦૦ લીટર પાણીમાં ૭ લીટર જીવામૃત ભેળવી છંટકાવ કરવો અને ત્યાર બાદ ૧૦૦ લીટર પાણીમાં ૧૦ લીટર નાં હિસાબ થી જીવામૃત ભેળવી છંટકાવ કરતો રહેવો.

### મલ્ચીંગ :-

જીવામૃત અને આચ્છાદન ને પરસ્પર ગાંઢ સંબંધ છે. શરૂઆતમાં આંતર પાકો તૈયાર થાય ત્યાર બાદ એ સજીવ આચ્છાદન બની જાય છે. જ્યારે આંતર પાકોની ઉમર ઉત્પાદન બાદ પૂર્ણ થઈ જાશે ત્યારે આ પાક ના અવશેષો આચ્છાદન બની જાશે. સરગવાના વૃક્ષ પરથી લીલી શીંગ તોડયા બાદ તેની છટણી કરવામાં આવશે તેનો કચરો પણ મલ્ચીંગનું કામ કરશે. છાંટણીનો બીજો લાભ એ થશે કે નવા અંકુર તેના પર વધુ ઝડપથી આવશે અને ત્યાર બાદનું આચ્છાદન આપણને વધુ ઝડપથી વધુ માત્રામાં મળશે. આંતર પાકોને તમારે ખાલી જગ્યા પર વાવવાના રહેશે જેથી નીચે આચ્છાદન અને ઉપર સજીવ આચ્છાદનથી અસંખ્ય જીવાણું અને અળસીયા પેદા થશે જે ઘણા વર્ષો સુધી દરેક ઝાડ - છોડ નાં મૂળ ને પુરતા પોષક તત્વો આપતા રહેશે જેનાથી આપણે ઉપર થી કઈ પણ ઉમેરવાની જરૂર રહેશે નહિ.

### પાક સુરક્ષા :-

દાડમને ગાઢ છાયો જોઈએ. દાડમનાં ઝાડ જો ખુલ્લા આકાશમાં હોય તો તે યોગ્ય ઉત્પાદન આપતું નથી. તેથી એરંડા અને સરગવાના ઝાડ નાં માધ્યમથી તેને છાયા ની વ્યવસ્થા કરી આપવી જોઈએ.

જો આપણે ઓછી કિમતમાં ખેતીની બધી વસ્તુઓનો અમલ કરીએ તો રોગ-જીવાત આવતા નથી. જ્યારે આપને આમાં કોઈ ખામી રાખી દઈએ ત્યારે પ્રતિકારક શક્તિ પુરતા પ્રમાણમાં વિકસિત બનતી નથી જેથી તેમાં કીટકો નુકશાન કરે છે અને બીમારી લાગુ પડી શકે છે. એના બચાવ માટે તમારે કેટલાક ખાસ નિયમોનું પાલન કરવું જોઈએ. આપણે જ્યારે દાડમના ઝાડની છટણી કરીએ તે જ દિવસે સાંજે અથવા બીજા દિવસે, ઝાડ ની બે હાર વચ્ચે સળગતી મશાલ લઈ દોડો. જેથી દાડમને ખાનાર ૬૦% કીટકો મશાલ નો દાહ લાગવાથી બળી જશે.

દાડમને નુકશાન કરે એવા કીટકો, થ્રીપ્સ, જેસીડ, અનાર કેટર પિલર, માઈટ ઈડર બેલ , સ્ટેમ બોરર વગેરે છે. આ કીટકો થી બચવા નીમાસ્ત્ર, અગ્નીયસ્ત્ર, બ્રમ્હાસ્ત્ર, વાયવીંડગાસ્ત્ર વગેરે નો છંટકાવ કરવો જોઈએ. આનાથી છુટકારો મેળવવા જીવામૃત, વાફુસા, આચ્છાદન વગેરે ખુબ જ ઉપયોગી છે. એમાં ખાંટી છાંશ નો છંટકાવ પણ ખુબ જ ઉપયોગી છે.

